# સચિનને કરોડો ચાહકો દ્વારા શાનદાર વિદાય

મુંબઈ,તા. ૧૫

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન અને ક્રિકેટના ભગવાન સમાન ગણાતા સચિન તેંડુલકરને આજે તેની અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં આઉ થયા બાદ કરોડો ચાહકોએ ભાવનાશીલ વિદાય આપી હતી. આ મહાન ખેલાડી હવે ક્રિકેટના મેદાન ઉપર ક્યારેય પણ રમતો જોઈ શકાશે નહીં. સચિનની નિવૃત્તિની સાથે જ એક શાનદાર યુગનો અંત આવી ગયો છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર આજે સવારે ઝડપથી સદી તરફ આગળ વધી રહ્યો હતો અને કરોડો ચાહકો માની રહ્યા હતા કે સચિન તેંડુલકર સદી ફટકારીને તેમની ઇચ્છા પરિપૂર્ણ કરશે પરંતુ સચિન એકાએક આઉટ થવાની સાથે જ મેદાન ઉપર અને ક્રિકેટ



નિહાળી રહેલા ચાહકોમાં સોંપો પડી ગયો હતો અને લોકો ભાવનાશીલ બની ગયા હતા. સચિન ૭૪ રન બનાવીને આઉટ થઈને પેવેલિયન ભેગો થઈ રહ્યો હતો ત્યારે ક્રિકેટ ચાહકો પોતાના પસંદગીના ખેલાડીને જતાં જોઈને હતાશામાં ગરકાવ થઈ ગયા હતા. સચિન તેંડુલકર ૭૪ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો. વેસ્ટ ઇન્ડિઝના કેપ્ટન ડેરેન સમ્મીએ સ્લીપમાં શાનદાર કેચ પકડ્યો હતો. દેવ નારેનની બોલિંગમાં સચિન તેંડુલકર આઉટ થયો હતો. વાનખેડેના મેદાન ઉપર સચિન આઉટ થઈને મેદાનમાં ઉપસ્થિત તમામ ક્રિકેટ ચાહકો અને હસ્તીઓ ઊભી થઈ ગઈ હતી અને સચિનને શાનદાર વિદાય આપી હતી. આજે સવારથી જ વાનખેડે સ્ટેડિયમમાં ક્રિકેટ ચાહકો ઉપસ્થિત થયા હતા અને એવી આશા હતી કે સચિન તેંડુલકર તેમને નિરાશ કરશે નહીં તે શાનદાર ફોર્મમાં પણ દેખાઈ રહ્યો હતો પરંતુ એકાએક તેની વિકેટ પડી હતી.

## સચિનના રેકોર્ડ શું કહે છે

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેંડુલકરે આજે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની અંતિમ ઈનિંગ્સ રમી હતી. આ અંતિમ ઈનિંગ્સમાં સચિને શાનદાર ૭૪ રન ફટકાર્યા હતા. તે સદી ફટકારવામાં નિષ્ફળ રહેતાં મેદાન ઉપર ઉપસ્થિત ચાહકો નિરાશામાં ગરકાવ થઈ ગયા હતા. જો કે સચિનને શાનદાર વિદાય આપવામાં આવી હતી. સચિનના રેકોર્ડ નીચે મુજબ છે.

- સચિને ૨૦૦ ટેસ્ટમાં ૫૩.૮૬ની સરેરાશ સાથે ૧૫૯૨૧ રન બનાવ્યા
- ૪૬૩ વનડેમાં ૪૪.૮૩ રનની સરેરાશ સાથે ૧૮૪૨૬ રન બનાવ્યા
- ૧૦૦ ઈન્ટરનેશનલ સદી ફટકારનાર એક માત્ર બેટ્સમેન
- સચિને ટેસ્ટમાં ૫૧ અને વનડેમાં ૪૯ સદી ફટકારી
- સચિને ૧૯૮૮માં કાંમલી સાથે મળી લોર્ડ હેરિસ સિલ્ડ ઈન્ટરસ્કૂલ ટુર્નામેન્ટમાં ૬૬૪ રનની ભાગીદારી નોંધાવી હતી
- ફેબ્રુઆરી ૨૦૧૦માં ગ્વાલિયરમાં આફ્રિકા સામે બેવડી સદી ફટકારી વનડેમાં પ્રથમ બેવડી સદી ફટકારનાર બન્યો હતો
- ૨૦૧૦માં સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી અપાઈ હતી
- ૨૦મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૦૦૦૦ રન પૂરા કર્યા હતા
- પાંચમી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે સચિને ૩૪૦૦૦ રનનો આંકડો પાર કર્યો હતો
- ૩૬ વર્ષ અને ૩૦૬ દિવસની વયે વનડેમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ક્રિકેટર બન્યો
- ઓક્ટોબર ૨૦૧૩માં સચિન તેન્ડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૬૬૨ મેચો રમી લીધી હતી
- ઓક્ટોબરમાં ૫૨૦૧૩ રન બનાવતાની સાથે જ સચિન તમામ માન્ય ક્રિકેટમાં ૫૦ હજારથી વધુ રન બનાવનાર ભારતનો પ્રથમ અને વિશ્વનો ૧૬મો ખેલાડી બન્યો
- સચિનને પદ્મવિભૂષણ, રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ પણ મળી ચુક્યા છે
- ઈન્ડિયન એરફોર્સ દ્વારા ગ્રૂપ કેપ્ટનનો હોદ્દો અપાયો છે
- આઈસીસીના ઘણા એવોર્ડ પોતાના નામે કર્યા છે
- ૨૩મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે સચિને વનડેમાંથી નિવૃત્તિ લીધી હતી
- મે ૨૦૧૩માં તેન્ડુલકરે આઈપીએલમાંથી નિવૃત્તિ લીધી હતી
- ૧૦મી ઓક્ટોબર ૨૦૧૩ના દિવસે સચિન ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી
- ૧૫મી નવેમ્બર ૨૦૧૩ના દિવસે વિન્ડીઝ સામે સચીને પોતાની કેરિયરની અંતિમ ટેસ્ટ ઈનિંગ્સ રમી

# એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્ય આજે નેવીમાં સામેલ

નવી દિલ્હી, તા.૧૫

પાંચ વર્ષના લાંબા ઈન્તાજાર બાદ એર ક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્ય આવતીકાલે શનિવારે વિધિવતરીતે ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ રશિયામાં સેવેરાદ્વિન્શક બંદર પર આયોજિત કાર્યક્રમમાં આઈએનએસ વિક્રમાદિત્યને વિધિવતરીતે ભારતીય નૌકાદળમાં સામેલ કરશે. સંરક્ષણ પ્રધાન એન્ટોની એક પ્રતિધિની મંડળ સાથે



રશિયા પહોંચ્યા છે. એન્ટોની આ કાર્યક્રમ દરમિયાન એરક્રાફ્ટ કેરિયર વિક્રમાદિત્ય પર તિરંગો ધ્વજ લહેરાવશે. એન્ટોની ઉચ્ચસ્તરિય પ્રતિનિધિમંડળની સાથે આજે ચાર દિવસની યાત્રાએ રશિયા પહોંચ્યા હતા. તેમની સાથે સંરક્ષણ સચિવ આરકે માથુર પણ પહોંચ્યા છે. આ ગાળા દરમિયાન તેઓ રશિયાના સંરક્ષણ પ્રધાન સોઈગુ સાથે વાતચીત કરનાર છે. આ ઉપરાંત ભારત-રશિયા આંતરસરકારી પંચની બેઠકમાં બંને દેશોના સંરક્ષણ પ્રધાન ઉપસ્થિત રહેશે. રશિયાના એરક્રાફ્ટ કેરિયર નિર્માણ ફેક્ટરી સેવમાસે માહિતી આપતા કહ્યુ છે કે હાલમાં આ યુદ્ધ જહાંજને ભારત સુધી પહોંચાડવા માટે ચાલક ટુકડીના સભ્યોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે. ભારત આવતીવેળા આઈએનએસ વિક્રમાદિત્ય ૧૪ બંદરો પર રોકાશે. વિક્રમાદિત્ય ફેબ્રુઆરી સુધી મુંબઈ પહોંચશે. તેની છત પરથી વિમાન હવે અમેરિકા સુધી નુકસાન પહોંચાડવામાં સક્ષમ બની જશે. મૂળભૂત રીતે વિક્રમાદિત્યને ૨૦૦૮માં સોંપવાની વાત હતી. પરંતુ મોડેથી ચોથી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે આને સોંપવાની વાત કરવામાં આવી હતી પરંતુ બે મહિના પહેલા પરિક્ષણ દરમિયાન એવું જાણવા મળ્યુ હતુ કે બોઈલર સંપૂર્ણરીતે કામ કરી રહ્યુ નથી જેથી ફરી સમારકામ કરવામાં આવ્યુ હતુ. હવે તે ભારતીય નૌકા સેનામાં સામેલ થવા માટે તૈયાર છે. આનો સોદો ૨૦૦૪માં આશરે ૫૯૯૦ કરોડ રૂપિયાનો થયો હતો. મોડેથી રકમ વધારીને ૧૪૫૪૮ કરી દેવામાં આવી હતી.

# લેહ ઠંડુગાર થયુ : તાપમાન ઘટી માઈનસ ૧૧ ડિગ્રી થયુ

શ્રીનગર, તા.૧૫

જમ્મુ કાશ્મીરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. શ્રીનગરમાં આજે સિઝનનું સૌથી ઓછુ તાપમાન નોંધાયુ હતુ. અહીં તાપમાન માઈનસ ૨.૬ ડિગ્રી થયુ હતુ. ઉનાળા પાટનગરમાં સૌથી વધુ ઠંડી નોંધાતા લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી હતી. લઘુત્તમ તાપમાન સિઝનના આ ભાગમાં સામાન્ય કરતા ત્રણ ડિગ્રી નીચે પહોંચી ગયુ હતુ. આ સ્થિતિ આવનાર દિવસોમાં પણ યથાવત રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. શ્રીનગરમાં ગઈકાલે મોડી રાત્રે માઈનસ ૧.૫ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ. લડાખના લેહમાં રાજ્યમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં માઈનસ ૧૧ ડિગ્રી તાપમાન થયુ હતુ જે ગુરુવારના દિવસે માઈનસ ૧૧.૨ ડિગ્રી હતુ. શ્રીનગરથી આશરે ૪૩૪ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં તીવ્ર ઠંડીના કારણે જનજીવન ખોરવાયુ હતુ જ્યારે લડાખની નજીક કારગીલમાં તાપમાન માઈનસ ૬.૬ ડિગ્રી થયુ હતુ જે ગઈકાલે રહેલા માઈનસ ૪.૪ ડિગ્રી કરતા બે ડિગ્રી ઓછુ છે. વાર્ષિક અમરનાથ યાત્રા દરમિયાન બેઝકેમ્પ તરીકે ગણાતા અને હેલ્થ રિસોર્ટ તરીકે લોકપ્રિય પહેલગામમાં માઈનસ પાંચ ડિગ્રી તાપમાન થયુ હતુ. ગુરુવારના દિવસે અહીં માઈનસ ૩.૬ ડિગ્રી તાપમાન થયુ હતુ. ગુલમાર્ગમાં પણ માઈનસ ૩ ડિગ્રી તાપમાન થયુ હતુ જે ગઈકાલે ૪.૨ ડિગ્રી માઈનસમાં તાપમાન રહ્યુ હતુ. ટૂંકમાં જમ્મુ કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન થયેલુ છે. કુપવારા, કોકરનાગમાં પણ આવી સ્થિતિ બનેલી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે કાશ્મીર ડિવિઝનમાં આગામી ૨૪ કલાક દરમિયાન તીવ્ર ઠંડીનું મોજુ રહેશે. માત્ર જમ્મુ કાશ્મીરમાં જ નહીં બલકે દેશના મેદાની ભાગોમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે જેમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણાનો સમાવેશ થાય છે. રાજસ્થાનના માઉન્ટ આબુમાં લોકોની હાલત કફોડી બનેલી છે. ચુરુ, સવાઈ માધુપુર, અજમેર, જયપુરમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. રાજસ્થાન ઉપરાંત પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ પણ કાતિલ ઠંડીના સકંજામાં આવી ગયા છે.

# દેશ વેચનાર કરતા ચા વેચનાર વધુ યોગ્ય છે : મોદીનો જવાબ

રાયગઢ, તા.૧૫

નહેરુ-ગાંધી પરિવાર પર પ્રહારોને આકરા બનાવીને ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુકે દેશને વેચી રહેલા લોકોની સરખામણીમાં ચા વેચનાર લોકો વધુ સારા છે. રાહુલ ગાંધી વ્યવસ્થાને બદલવાની વાત કરી રહ્યા છે. અંગત લાભ લેવા માટે નાણાંનો દુરુપયોગનો આક્ષેપ



ભૂતકાળમાં થયો રહ્યો છે. મોદીએ તેમના ખાસ અંદાજમાં કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી હિટલર જેવું વર્તન કરી રહી છે. લોકશાહીની સામે તેમનું વલણ યોગ્ય નથી. મોદીએ યાદ અપાવતા કહ્યુ હતુ કે થોડાક દિવસ પહેલા લતામંગેશકરે કહ્યુ હતુ કે જો મોદી વડાપ્રધાન બનશે તો તેઓ ખુશ થશે. આ વાત પણ કોંગ્રેસને ગમી ન હતી અને કોંગ્રેસે લત્તા પાસેથી ભારત રત્ન પરત લઈ લેવાની માંગ કરી હતી. મોદીએ ઉમેર્યુ હતુકે ભ્રષ્ટાચાર મુક્ત ભારત માટે અમને કોંગ્રેસ મુક્ત ભારતની જરૂર છે. મોદીએ કહ્યુ હતુકે કોંગ્રેસને ગરીબોની અથવા તો દેશની પડી નથી. તેમને માત્ર તેમની ખુરશીની ચિંતા છે.

મોદીએ એમ પણ કહ્યુ હતુ કે વ્યવસ્થા કોણે બનાવી છે. આનો દુરુપયોગ કોણે કર્યો છે. ગાંધી પરિવાર પર પ્રહારો કરતા મોદીએ કહ્યુ હતુકે રાજીવ ગાંધી, ઈન્દિરા ગાંધી, જવાહરલાલ નહેરૂએ હાલમાં અમલી રહેલી વ્યવસ્થા બનાવી હતી અને તેઓએ જ તેમના અંગત લાભ માટે આ વ્યવસ્થા બગાડી નાંખી હતી. છેલ્લા ૬૦ વર્ષમાં વ્યવસ્થા કોણે બનાવી છે અને કોણે બગાડી છે. છેલ્લા ૬૦ વર્ષથી દેશમાં કોનું શાસન બનેલુ છે. નાણાં મંત્રી વિદેશ ગયા હતા ત્યારે તેમણે કહ્યુ હતુ કે ભારત વર્ષોથી ગરીબ છે. પેટ ભરવા માટે ચા વેચવાની બાબત કોઈ ગુનો નથી. ગરીબ માતા પિતા હોવાની બાબત કોઈ ગુનો નથી. ગરીબ હોવાની બાબત પણ કોઈ ગુનો નથી. ચા વેચનાર વ્યક્તિ વડાપ્રધાન બનશે કે કેમ તે અંગે નિર્ણય દેશના લોકો કરશે પરંતુ દેશને વેચનાર લોકોને ક્યારે વડાપ્રધાન બનાવી શકાય નહીં. છત્તીસગઢ ગરીબ રાજ્ય છે પરંતુ રમણસિંહ સરકારે સખત કામગીરી કરી છે. સોનિયા ગાંધીને તેમનું હોમવર્ક વધુ વ્યવસ્થિત કરવાની સલાહ આપી હતી. સોનિયાજીને મેડમ તરીકે બોલાવીને મોદીએ તેમના પ્રહારો જારી રાખ્યા હતા.

# ભાજપ નેતાઓ દિનમાં સ્વપ્ન જોઈ રહ્યા છે : સોનિયા ગાંધી

ખરગોન, તા.૧૫

મધ્યપ્રદેશમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે પણ ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર જારી રાખ્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યુ હતુકે ભાજપના નેતાઓ દિનમાં જ સ્વપ્ન જોઈ રહ્યા છે સાથે સાથે એક બીજાના પગ પણ ખેંચી રહ્યા છે. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે ભાજપના નેતાઓ એવા સ્વપ્ન જોઈ રહ્યા છે જે ક્યારે પણ પૂર્ણ થનાર નથી. સોનિયા ગાંધીએ ભાજપ પર આકરા પ્રહારોનો મારો



ચલાવ્યો હતો. ભાજપના નેતાઓ સ્વાર્થી હેતુઓ ધરાવે છે પરંતુ આ પ્રકારના હેતુ ધરાવતા લોકોને ક્યારેય સફળતા મળશે નહીં. ખરગોનના નવગ્રહ મેળા મેદાનમાં એક વિશાળ ચૂંટણી સભાને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે અહીંના લોકોએ ભાજપને એક નહીં પરંતુ બે - બે વખત સરકારને તક આપી છે પરંતુ વિકાસના નામ પર માત્ર વાતો જ થતી રહી છે. વાતોથી કોઈનું પેટ ભરાતુ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે આ પ્રદેશની હાલત ખૂબજ ચિંતાનજક બની ગઈ છે. લોકો જ્યારે પણ કોઈ પાર્ટીને સત્તા સોંપે છે ત્યારે તેનાથી વધુ સારા વિકાસ અને ભવિષ્યની આશા રહે છે. કોંગ્રેસ પ્રમુખે કહ્યુ હતુકે ભાજપે પ્રદેશમાં વિકાસની વાતો જ કરી છે પરંતુ અહીં કુપોષણથી બાળકોના મોત થયા છે. મહિલાઓ પર દરેક પ્રકારના અત્યાચાર થયા છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની યોજનાઓ પર અમલ થયુ નથી. ખેડૂતોની હાલત કફોડી થઈ ગઈ છે. તેમને આત્મહત્યા કરવાની ફરજ પડી રહી છે. સોનિયા ગાંધીએ કહ્યુ હતુકે પ્રદેશમાં ખેડૂતોને વિજળી બિલની ચૂકવણીને લઈને જેલ જવા સુધીની ફરજ પડી રહી છે. જે લોકોની જગ્યા જેલમાં હતી તે લોકો હવે બહાર મજા કરી રહ્યા છે. પ્રદેશમાં ભ્રષ્ટાચારને લઈને ૧૩ પ્રધાનો લોકાયુક્તની ચકાસણી હેઠળ છે પરંતુ આજ સુધી તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ગરીબ લોકો મજબુરીમાં ફસાઈ રહ્યા છે. મધ્યપ્રદેશને શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવા ક્ષેત્રોમાં સૌથી પાછળ છે તેમ જણાવીને કહ્યુ હતુકે ગામના લોકોને રોજગારીની અને તબીબી સુવિધા ઉપલબ્ધ થઈ રહી નથી. યુપીએ સરકારે ગામમાં રોજગાર ગેરેન્ટી યોજના જેવી સુવિધા ઉપલબ્ધ કરાવી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે યુપીએ સરકાર મધ્યપ્રદેશની ભાજપ સરકારને વિકાસ માટે સંપૂર્ણ સંશાધનો અને જરૂરી રકમ ઉપલબ્ધ કરાવી રહી છે પરંતુ આનો ફાયદો લોકો સુધી પહોંચી રહ્યો નથી.

# મંગલા એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થતા ત્રણના મોત : ૨૯ ઘાયલ

નાસિક,તા. ૧૫

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ઈગતપુરીમાં જોરદાર ટ્રેન દુર્ઘટના થઈ છે જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મૃતાંક ઝડપથી વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. મંગલા એક્સપ્રેસના પાંચ ડબ્બા આજે સવારે પાટા પરથી ખડી પડ્યા હતા. મંગલા એક્સપ્રેસ દિલ્હીથી ઈરનાકુલમ સુધી જાય છે. ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે ૬.૨૦ વાગ્યાની આસપાસ ઘોટી નામની જગ્યા પર મંગલા એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. ટ્રેનના પાછળના નવ ડબ્બા પણ પાટા પરથી ખડી પડ્યા હતા. ટ્રેનના પાંચ ડબ્બા એકની ઉપર ચઢી ગયા હતા. ચાર ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. રેલવે વહીવટી તંત્રના તમામ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે અને બચાવ કામગીરી ઝડપી બનાવી છે. સમગ્ર મામલામાં તપાસનો આદેશ પણ કરાયો હતો. આ બનાવ ૬.૨૦ વાગે બન્યા બાદ તરત જ રેલવેના તમામ અધિકારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ઈગતપુરી અને આસપાસના વિસ્તારમાંથી સ્થાનિક લોકો પણ પહોંચી ગયા હતા. ૧૨૬૧૮ નિજામુદ્દીન-ઈરનાકુલમ મંગલા એક્સપ્રેસ ઘોટી-ઈગતપુરી સેક્સન મારફતે પસાર થઈ રહી હતી. સેન્ટ્રલ રેલવેના નાસિક નજીક આ સેક્સન પરથી ટ્રેન પસાર થઈ રહી હતી. સેન્ટ્રલ રેલવેના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ગ્રામીણ પોલીસના જણાવ્યા મુજબ કેટલાક યાત્રીઓને ગંભીર રીતે ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને ઘોટી-કસારા અને નાસિકની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સેન્ટ્રલ રેલવે દ્વારા સગાસંબંધીઓ માટે હેલ્પલાઈનની શરૂઆત કરી છે.

## શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

- ગાંધીનગરથી પ્રગટ થતાં 'શબ્દસર' માસિકનો રસ વિશેષ વિષય પર દિપોત્સવી અક આપણને મળે છે. તેમાં રસની વિભાવનાથી માંડી, રસલક્ષી સર્જન, અનુવાદ, આસ્વાદ, સિદ્ધાંત વિવેચન એમ અનેક સ્તરોમાં સામગ્રી પ્રસ્તુત કરવામાં આવી છે. ૨૨૯ પાનાનાં આ દળદાર અંકમાં ચિત્રકાર વૃંદાવન સોલંકીનાં ચિત્રો રસ વિશેષાંકથી શોભારૂપ છે. તંત્રી - કિશોરસિંહ સોલંકી અને સંપાદકો - અજય રાવલ, ઋચા બ્રહ્મભટ્ટ તેમજ નિસર્ગ આહિર સૌ અભિનંદનના અધિકારી છે.
- રન્નાદે પ્રકાશ તરફથી નિયમિત પ્રગટ થતા 'ઓળખ' માસિકનો દિપોત્સવી અંક પણ ગમી જાય તેવો છે. તેમાં ૫૭ પાનામાં - લેખો, વાર્તાઓ, આસ્વાદ કાવ્યો, પત્રલીલા, આપણે અંગ્રેજી ઓળખીએ, રોગની ઓળખ અને ઉપચાર તેમજ જ્યોતિષ માર્ગદર્શન જેવા વિષય વૈવિધ્ય સહિત તાજેતરમાં પ્રગટ થયેલાં પુસ્તકોની માહિતી આપવામાં આવી છે.
- ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક તા. ૧૦-૧૧-૨૦૧૩ના રોજ બ્રહ્મભવન સેકટર-૧૬ ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં સભ્યો અને સર્જકો વચ્ચે નવા વર્ષની શુભેચ્છાઓની આપ લે કરવામાં આવી હતી. તેમજ સ્વરચિત કૃતિઓનું પઠન કરવામાં આવ્યું હતું.

## આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

ચોમાસામાં વરસાદથી રક્ષણ મેળવવા સામુહિક ઘર બનાવે છે. એને 'બેરા' (Bera) કહેવામાં આવે છે. તે કાયમી ધોરણે બનાવેલું હોયછે. પણ કામચલાઉ ધોરણે જે છાપરાં બનાવે છે. તેને' કોરાલ' (Koral) કહે છે. દરેક ટોળીનો નેતા હોય છે. તેની નેતાગીરી નક્કી કરેલી સીમામાં જ ચાલે છે. આપણને નવાઇ લાગે તેવું લોકશાહીવાળું વાતાવરણ અહીં જોવા મળે છે. સંપૂર્ણ વ્યક્તિ સ્વતંત્ર્ય છે. કટોકટીના સમયે ટોળીઓ નેતા સલાહ સુચન કરી શકે છે. હુકમો આપી શકતો નથી. આપણી જેમ સ્ત્રી પુરૂષોના કામનો ભેદ જોવા મળે છે. પુરૂષ માત્ર શિકાર અને મધ લાવવાનું કામ કરે છે. જયારે સ્ત્રી કદમૂળ અને ફળફળાદી લાવવાનું કામ કરે છે. તેમની પ્રિય વાનગી કાચબો છે. તે ઉપરાંત જંગલી ડુક્કરોના શિકાર માટે હવે એ લોકો કૂતરા પાળતા થયા છે. માછલી, પ્રાણી કે કંદમૂળ સીધાં જ દેવતામાં નાંખી શેકી ખાય છે. આ જાતિ સંપર્કમાં આવ્યા પછી એમનાં કુદરતી જીવનમાં અનેક પ્રકારની પ્રતિકુળતાઓ ઊભી થઇ છે. અને તેમની ખાવા પીવાની ટેવોમાં ઘણો મોટો ફેરફાર થયો છે. તેથી એમની વસ્તી ઘટતી જાય છે. આમાંથી કેટલક લોકોને નારાયેળીની ખેતી અને મધના ઉત્પાદનમાં લગાડવામાં આવ્યા છે. તેઓ પૈસાને બદલે ખાંડ, ગોળ, ચોખા, લોટ કે તમાકું વિગેરે લઇ જાય છે. તો જુદાં જુદાં ફળો-શાકભાજી, ભીંડા મકાઇ વિગેરે ઉપાડીને સરકારી સહકારી સોસાયટીમાં જરૂરી વસ્તુઓ માટે આપ-લે પણ કરે છે. તેમનામાં કેટલીક કુનેહ જોવા મળે છે. વિચિત્ર પ્રકારની ડોલો, ટોપલીઓ અને હોડકાં બનાવે છે.

શ્રીલંકાના તમિલો અને પૂર્વ પાકિસ્તાનમાંથી બાંગ્લાદેશ થતાં નિરાશ્રીતો જે મનફાવે તેમ આડેધડ વસ્યા છે તેના પરિણામે આ લોકોનું પતન થયું છે.

લીટલ આંદામાન પ્રાકૃતિક સુંદરતા ધરાવતો ગાઢ જંગલ વિસ્તાર છે. અહીં વન વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં વૃક્ષો કાપવા અને તેને હાથીઓ દ્વારા વહન કરવાની કામગીરી ચાલે છે. કુદરતની સુંદરતાનું આ અદ્દભૂત નજરાણું છે. પણ માનવ દ્વારા હવે તેમાં હસ્તક્ષેપ થતાં વિખરાયેલાં વનનો નજારો પણ ઘણી જગ્યાએ જોવા મળે છે. જે પ્રવાસીઓનાં મન ને ખિન્ન કરી દે છે. આપણે કુદરતના આ વારસાને ખરેખર સાચવવો જોઇએ. તેમ લાગ્યા વિના રહેતું નથી.

(ક્રમશઃ)

## સમાચાર ઝલક

- ♥ ચાલુ નાણાંકીય વર્ષમાં નાણાંકીય ખાદ્ય લક્ષ્યાંક કરતાં વધશે નહીં : નાણામંત્રી
- ♥ મહારાષ્ટ્રમાં નાસિક નજીક રેલવે દુર્ઘટનામાં ૫ નાં મોત
- ♥ વિરોધ વચ્ચે બંદોબસ્ત સાથે રામલીલા પ્રસારિત થઈ, વિશ્વ હિન્દુ પરિષદનો ઠેર ઠેર વિરોધ
- ♥ મુંબઈના પોલીસ અધિકારી શ્રી પ્રદીપ શર્માની ગુજરાતના એન્કાઉન્ટર માટે સી.બી.આઈ.ની પુછપરછ
- ♥ ઊંઝાની કોલેજમાં બનાવટી પ્રમાણપત્રોના આધારે પ્રોફેસર ઝડપાયા
- ♥ ભારત-બાંગ્લાદેશ વચ્ચે ૩૦મી નવેમ્બરથી પાસપોર્ટ નહિ બને.
- ♥ ૪૮ રાજકીય નેતાઓની સુરક્ષા હટાવાઈ
- ♥ શ્રીલંકામાં ચોગમ બેઠકનો તામિલનાડુમાં વિરોધ : શ્રીલંકા બેઠક મનમોહનસિંહજી હાજર નહિ રહે.
- ♥ બિહાર ઓરિસ્સામાં મીઠાના ભાવ વધારાથી પ્રજામાં પરેશાની.
- ♥ શ્રીનગરમાં વિદ્યુત પાવર સ્ટેશનમાં શોર્ટસર્કીટથી ભીષણ આગ લાગી.
- ♥ અજમેરમાં પુષ્કરના મેળામાં ભારે ભીડ.
- ♥ સીરીયામાં પોલિયો ફેલાયો : આરોગ્ય તંત્ર સચેત.
- ♥ સચિન તેંડુલકર આઉટ થતાં વાનખેડે સ્ટેડિયમ અડધું ખાલી થઈ ગયું.
- ♥ ગાંધીધામમાં અપરપિતાએ તેના બે બાળકોને મુઢ માર મારતાં બાળકોને દવાખાનામાં દાખલ કરાયાં.
- ♥ સહારા ગ્રુપે ત્રણ વિદેશી હોટલો વેચવા કાઢી.
- ♥ રિલાયન્સ કંપનીને ૮૦ કરોડનો દંડ પેટ્રોલિયમ મંત્રાલયે કર્યો.
- ♥ ઈરાકમાં શિયા સમુદાયનાં ૩૯નાં મોત થયાં.
- ♥ પાકિસ્તાનમાં ગ્રેનેડ હુમલાથી અનેકનાં મોત.
- ♥ વિશ્વ ભરમાં મહોરમની શહાદત મનાવાઈ.